# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- FELLOWSHIP PROGRAMME

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ કાર્યક્રમ અંતર્ગત યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ફેલોશીપ પ્રોગ્રામના યુવાનોએ મેળવેલા અભ્યાસ-જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ સમાજજીવન તથા સામાન્ય માનવીના કલ્યાણ માટે કરવાની ઉમદા તક છે. વધુમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ તક વિદ્યાર્થીઓ માટે તો લાભદાયી થશે જ સાથોસાથ સરકારને ભાવિ નીતિ-ઘડતર અને કાર્યક્રમ અમલીકરણ માટે તથા સમાજ જીવનમાં કરોડો લોકોને પણ ઉપયોગી નીવડશે.

આ પસંદ થયેલા યુવાનો સ્પીપામાં પ્રારંભિક તાલીમ પૂરી કરીને હવે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં જનહિતકારી પ્રોજેક્ટ્સના અમલીકરણ, અભ્યાસ, ડેટા એનાલિસિસ અને ઈનોવેશન માટે કાર્યરત થયા છે.

રાજ્ય સરકારે આ કાર્યક્રમમાં મેનેજેન્ટ સંસ્થા આઈ.આઈ.એમ. અમદાવાદને શૈક્ષણિક ભાગીદાર તરીકે જોડી છે, જે આઈ.આઈ.એમ. આ યુવાઓને તાલીમ માટે મેન્ટર તરીકે સેવાઓ આપશે.

# DANG- MEGH MALHAR PARV

ગિરિમથક સાપુતારામાં મેઘ મલ્હાર પર્વ ચાલી રહ્યો છે. મુશળધાર વરસાદ હોવા છતાં ડાંગમાં પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. ઝરમર વરસાદની હેલી વચ્ચે પ્રવાસીઓ વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિનો આનંદ લઇ રહ્યા છે .

સાપુતારામાં પ્રવાસીઓ ઇકો પોઇન્ટ, વન કવચ, ગવર્નર હિલ, આદિજાતિ સંસ્કૃતિની ઝાંખી કરાવતું સંગ્રહાલય તથા મેળાની  મુલાકાત લઇ રહ્યા છે. હાલ

મેઘ મલ્હાર પર્વ યોજાઇ રહ્યો હોવાથી સ્થાનિક વેપારીઓને પણ રોજગારીની ઉત્તમ તક મળી રહી છે.

# HAR GHAR TRIRANGA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે દેશવાસીઓને 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ 9થી 15 ઑગસ્ટ સુધી પોતાના ઘરમાં તિરંગા લહેરાવવાની અપીલ કરી છે. સાથે જ તેમણે ત્રિરંગા સાથેની સેલ્ફી HARGHARTIRANGA.COM વેબસાઈટ પર અપલોડ કરવા જણાવ્યું છે. શ્રી શાહે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું હર ઘર તિરંગા અભિયાન છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય આંદોલન બની ગયું છે. આ અભિયાને દરેક ભારતીયમાં મૂળભૂત એકતા જાગૃત કરી છે.

મહેસાણામાં આગામી 10 થી 13 મી ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે. જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કલેક્ટરે નાગરિકોને આ અભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી.

# WEATHER- ALLOVER

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 230 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.. સૌથી વધુ નવસારીના વાંસદામાં સાડા સાત ઇંચ, વઘઇમાં સાડા છ ઇંચ, કપરાડામાં પોણા છ, તાપીના ડોલવણ અને વલસાડના ધરમપુરમાં સાડા પાંચ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો..

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં 59 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જ્યારે રાજ્યના 57 ડેમ હાઇ એલર્ટ પર, 13 ડેમ એલર્ટ પર જ્યારે 12 ડેમ ચેતવણી પર મૂકવામાં આવ્યાં છે.. હવામાન વિભાગે આજથી સાતમી ઓગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે. જ્યારે

વરસાદને કારણે એસ.ટી.ના ચાર રૂટ અને છ રસ્તા બંધ કરાયા છે, જેને વરસાદી પાણી ઓસરતા ફરી શરૂ કરવામાં આવશે..

આ વરસાદને કારણે સિઝનમાં 69 લાખ 66 હજાર હેક્ટરમાં ખરિફ પાકનું વાવેતર કરાયું છે..જે આ વર્ષે અત્યાર સુધીનું 81.39 ટકા વાવેતર નોંધાયું છે.. હવામાન વિભાગે સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની આગાહી કરીને યલો એલર્ટ તેમજ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ દાદરાનગર હવેલીમાં છુટછવાયા વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે...

# SURAT- HANDICRAFT EXHI.

સુરતના અડાજણમાં 100થી વધુ હેન્ડલૂમ્સની ચીજવસ્તુઓ સાથેના 'હુનર ઓફ ઈન્ડિયા' પ્રદર્શનને ગઇકાલથી ખૂલ્લું મુકવામાં આવ્યું છે.

આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતાં, સુરતના સાંસદ મુકેશ દલાલે ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા કલાકારો દ્વારા ઉત્પાદિત વસ્તુઓની ખરીદી કરી સ્થાનિક ઉત્પાદનોને મહત્વ આપવા અનુરોધ કર્યો હતો. એન્ટરપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઇન્ડિયા દ્વારા યોજાયેલા આ પ્રદર્શનમાં ભાગલપુરી, કાંજીવરમ્ સાડી, મેરઠની ખાદી, ફેબ્રિક જ્વેલરી તેમજ વિવિધ રાજ્યના હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ આ પ્રદર્શનમાં મુકવામાં આવી છે.

# DAMAN- CHEER FOR BHARAT

પેરિસ ઑલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનું મનોબળ વધારવા માટે દમણ ખાતે ચિયર ફોર ભારત કાર્યક્રમ યોજાયો હતો. દમણના ટીટીઆઈ હોલ ખાતે રમતગમત વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં ઓલિમ્પિક અને કોમનવેલ્થમાં ચંદ્રક જીતનારા ખેલાડીઓ તેમજ દમણના રમતવીરો હાજર રહ્યા

હતા. આ પ્રસંગે મહારાષ્ટ્ર પોલીસના એસ.પી. નરસિંહ યાદવે ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી. કાર્યક્રમ દરમિયાન ખેલાડીઓને ઓલિમ્પિક ખેલો વિશે માહિતી આપવાની સાથે સાથે તેમનું મનોબળ વધારવામાં આવ્યું.